# જન્મદિને વધામણી

**૧૫-૮-૨૦૧૭**



કિન્નર ઝવેરી
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૨૧૧૩૫



હરિન ભટ્ટ
સ્કલ્પચર આર્ટીસ્ટ



સુશીલા હેમચન્દ્ર થોરાત
મો. ૯૪૨૭૦ ૫૪૧૧૩



સુરેશકુમાર રત્નોત્તર
ગાયક, મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩



વિભૂતિબા છત્રસિંહ ચૌહાણ



બ્રિજેશસિંહ
મહેન્દ્રકુમાર પરમાર
મો. ૯૬૦૧૨ ૮૯૬૬૩



યોગેશ બી નાયી
સરપંચ, કોબા ગ્રામ પંચાયત
મો. ૯૪૨૬૦ ૬૩૪૭૧



જયંતકુમાર
બાબુલાલ રાવલ
પૂર્વ આચાર્ય, ટીંટોડા
પગાર કેન્દ્ર શાળા



ક્રિશા યોગેશભાઈ રાઠોડ
મો. ૯૯૦૯૫ ૪૭૨૧૫



જયેશકુમાર
લક્ષ્મીશંકર પાધ્યા
મો. ૯૨૭૭૩ ૫૨૭૯૨



મિતીશા એમ ઠાકોર
મો. ૯૭૨૭૩ ૭૭૦૯૪



મિહીર સુખદેવભાઈ દવે
મો. ૮૭૩૪૯ ૫૭૬૭૮



મનીષા ડી પટેલ

**૧૬-૮-૨૦૧૭**



જયરાજસિંહ સરવૈયા
મો. ૯૮૨૫૨ ૫૩૯૩૩
ઉપપ્રમુખ, કલાગુર્જરી
કારોબારી સભ્ય, ગાંધીનગર
કલ્ચરલ ફોરમ, શિવરંજની



અરવિંદ છગુજી ખાંટ
મહામંત્રી, વોર્ડ-૨,
ગાંધીનગર ભાજપ



કુંજ પંકજ ત્રિવેદી
મો. ૯૯૦૯૮ ૩૩૯૭૯



અમન એ વહોરા
મો. ૭૦૪૧૭ ૧૫૬૩૩

# મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસની ઉજવણી





ગોપાલક કન્યા વિદ્યાલય સેકટર-૧૫ ખાતે યોગ નિદર્શન અને યોગ મહાત્મ્ય અંગે યોગ શિક્ષક વિરાજબેન પટેલ દ્વારા નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર યુવા ભાજપના મહામંત્રી યુવરાજસિંહ વાઘેલા તથા પૂર્વ મહિલા કોર્પોરેટર પરાગીબેન પંડ્યા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમનું આયોજન જિલ્લા રમતગમત અધિકારી વી.બી.દત્તા તથા પ્રાંત યુવા વિકાસ અધિકારી રાકેશ ચૌધરી અને ગાંધીનગર શહેર વ્યાયાય મંડળના પ્રમુખ લાભુભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# માઉન્ટ કાર્મેલ શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી





માઉન્ટ કાર્મેલ શાળા, સેકટર-૨૧ ખાતે પ્રિ-પ્રાયમરી વિભાગમાં ૭૧માં સ્વાતંત્ર્ય દિવસ પૂર્વે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુનિયર-કે.જી.ના ભૂલકાંઓએ દેશભક્તિના ગીતો રજૂ કર્યા હતા. તથા સિનિયર-કે.જીના બાળકોએ વેશભૂષા હરીફાઈમાં ભાગ લીધો હતો. અને સ્વાતંત્ર્ય વિરોની ભૂમિકા ખુબ ઉત્સાહપૂર્વક ભજવી હતી. જેમાં ગાંધીજી, જવાહરલાલ નહેરુ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, રાણી લક્ષ્મીબાઈ જેવા આઝાદી અપાવનાર મહાન વ્યક્તિઓની વેશભૂષા ભજવી હતી. નાના નાના ભૂલકાંઓના ઉત્સાહથી ભાગ લઈને વાતાવરણને દેશભક્તિનાં રંગથી રંગી દીધું હતું. સમગ્ર કાર્યક્રમ મેનેજર સિસ્ટર વેરોનિકાના માર્ગદર્શન તેમજ પ્રિન્સીપાલ સિસ્ટર રેણુકાની સહાયથી સુંદર રીતે પૂર્ણ થયો હતો.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનો વિદ્યાર્થી ૧૦૦ મીટર દોડમાં રાજ્યમાં દ્વિતિય



ગાંધીનગર, તા. ૧૪

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-૧૨ કૉમર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પાર્થ જયેન્દ્રભારથી ગોસ્વામીએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત ૧૦૦ મીટર દોડમાં રાજ્યકક્ષાએ દ્વિતિય સ્થાનનું વિજેતાપદ મેળવી ટ્રોફી અને રૂા. ૮ હજારનો રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે.

શાળાનું નામ રોશન કરનાર આ વિદ્યાર્થીને બિરદાવી શાળા પરિવાર દ્વારા તેનું બહુમાન કરવામાં આવ્યું હતું અને તેને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





(૧) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને (WHO) ૨૦૧૭માં કયા દેશને પોલીયોમુક્ત જાહેર કર્યો છે ?
(એ) ક્યુબા (બી) સોમાલિયા
(સી) સિરીયા (ડી) કીરીબાતી

(૨) ૨૦૧૭માં વિશ્વ હાથી દિવસ ક્યારે મનાવવામાં આવ્યો હતો ?
(એ) ૧૩ ઑગષ્ટ (બી) ૧૪ ઑગષ્ટ
(સી) ૧૫ ઑગષ્ટ (ડી) ૧૨ ઑગષ્ટ

(૩) ફિલ્મ સેન્સર બૉર્ડના નવા ચૅરમૅનપદે કેન્દ્ર સરકારે કોની નિયુક્તિ કરી છે ?
(એ) પ્રકાશ ઝા (બી) અનુપમ ખેર
(સી) પ્રસૂન જોષી (ડી) અમિતાભ બચ્ચન

(૪) ૨૦૧૭માં વર્લ્ડ હેલ્થ સંગઠને કયા પૂર્વ ભારતીય ખેલાડીને WHOનો સદ્ભાવના દૂત જાહેર કર્યો છે ?
(એ) મિલખાસિંહ (બી) રાહુલ દ્રવિડ
(સી) સચિન તેન્દુલકર (ડી) પ્રીતિ રાજ

(૫) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે દેશમાં આગામી કેટલા કરોડ લોકોને કૌશલ્ય પ્રશિક્ષણ આપવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે ?
(એ) ૧ કરોડ (બી) ૨ કરોડ
(સી) ૩ કરોડ (ડી) ૪ કરોડ

(૬) ૨૦૧૭માં દેશના કયા રાજ્યમાં હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવે ૬૦થી વધારે માસૂમ બાળકોના મોત નિપજ્યા હતા ?
(એ) ઉત્તર પ્રદેશ (બી) બિહાર
(સી) પંજાબ (ડી) રાજસ્થાન

(૭) વિશ્વ ચેમ્પિયનશીપની ભાલા ફેંક સ્પર્ધાની ફાઈનલમાં પહોંચનાર ભારતીય ખેલાડી કોણ છે ?
(એ) દેવેશ બોપના (બી) રોહિતકુમાર
(સી) દેવેદિર ચોપરા (ડી) દેવિંદર સિંહ કાંગ

(૮) ૨૦૧૭માં ઓસ્ટ્રેલિયાની ટીમના ફિલ્ડીંગ કોચ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) જૉન્ટી રૉડ્સ (બી) કુમાર સંગાકારા
(સી) બ્રેડ હેડિન (ડી) નિસાર અહમદ

(૯) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે નમામિ ગંગે પરિયોજના માટે કેટલા કરોડની ફાળવણી કરી છે ?
(એ) ૨૦૦ કરોડ (બી) ૧૦૦૦ કરોડ
(સી) ૩૦૦૦ કરોડ (ડી) ૪૦૦૦ કરોડ

(૧૦) ૨૦૧૭માં ભારતીય પહેલવાન સુશીલ કુમારની પસંદગી કયા પુરસ્કાર માટે કરવામાં આવી છે ?
(એ) પદ્મશ્રી (બી) પદ્મભૂષણ
(સી) પદ્મવિભૂષણ (ડી) ખેલરત્ન

# લોહાણા યુવા સંગઠન દ્વારા આજે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૪

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૫/૦૮/૨૦૧૭, મંગળવારના રોજ જન્માષ્ટમી પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉજવણી અંતર્ગત રાત્રે ૮.૦૦ કલાકથી શ્રી જલારામ મંદિર, સે. ૨૯ ખાતે રાસ-ગરબા, મટકી ફોડ અને કૃષ્ણજન્મોત્સવના અવસરનો લ્હાવો માણવા મળશે.

જન્માષ્ટમી પર્વના ભક્તિમય માહોલનો લાભ લેવા સમાજના સર્વે બંધુઓને સંસ્થા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આરાધના વિદ્યાવિહાર ખાતે ઍસવીઍસ કક્ષાની સ્પર્ધાઓ

ગાંધીનગર, તા. ૧૪

શ્રી પી ટી કેળવણી ટ્રસ્ટ સંચાલિત આરાધના વિદ્યાવિહાર ખાતે નર્મદા મહોત્સવની ઉજવણી નિમિત્તે ઍસવીઍસ કક્ષા (તાલુકા)ની કાવ્ય સ્પર્ધા અને ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

કાવ્ય સ્પર્ધામાં અ વિભાગમાં આરાધના વિદ્યાવિહારના વિદ્યાર્થી સાહિલભાઈ વિરમભાઈ દેસાઈ, બ વિભાગમાં શેઠ સી ઍમ હાઈસ્કૂલના વિદ્યાર્થીની ધૃવી મનીષભાઈ પાથર, ગીત સ્પર્ધામાં અ વિભાગમાં શ્રી સ્વામી યોગાનંદ હાઈસ્કૂલના વિદ્યાર્થીની નિલોફર એસ શેખ અને બ વિભાગમાં શેઠ સી ઍમ હાઈસ્કૂલના વિદ્યાર્થીની ખુશી શંભુભાઈ જરૂએ પ્રથમ ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું.

આ વિજેતા વિદ્યાર્થીઓની પસંદગી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે કમલેશભાઈ કે પરમાર અને અરવિંદભાઈ પી પટેલ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે મેનેજિંગ ટ્રસ્ટી રમણભાઈ પટેલ, આચાર્ય વી ડી પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

સ્પર્ધાનું સંચાલન શિક્ષક અરવિંદભાઈ પટેલે શાળા પરિવારના સહયોગથી કર્યું હતું.

## નાંદોલ ગામની આદર્શ નિવાસી શાળાની કબડ્ડીની ટીમ તાલુકા સ્પર્ધામાં વિજયી

ગાંધીનગર, તા. ૧૪

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર દ્વારા સંચાલિત આદર્શ નિવાસી શાળા (કુમાર, વિજા), નાંદોલની કબડ્ડીની ટીમ શાળાકીય રમતોત્સવ અંતર્ગત તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી જિલ્લાકક્ષાએ ભાગ લેવા માટે હકદાર બની હતી. નાયબ નિયામક એમ પી ઠાકર અને આચાર્ય, શિક્ષકો દ્વારા આ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# મૅનેજમૅન્ટ ગુરૂ શ્રીકૃષ્ણનો લીડરશીપ અંદાજ



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

આખા વિશ્વમાં કૃષ્ણ એક એવું વ્યક્તિત્વ કે જે જુગાર રમીને પણ શરાફતનો શાનદાર માર્ગ બતાવે છે, હજારો પટરાણીઓ રાખીને પણ ચારિત્ર્યવાન બનવાના પદાર્થપાઠ શીખવે છે. સોમરસ પીને પણ સત્યનિષ્ઠા સમજાવે છે. કપટના ખેલ ખેલીને પણ સત્યની સમજ સ્પષ્ટ કરે છે. લીડરોનો લીડર અને બધા બોસનો બીગબોસ એટલે શ્રીકૃષ્ણ. શ્રીકૃષ્ણનો લીડરી અંદાજ મેનેજમેંટ ગુરુઓ માટે સદાય અભ્યાસનો રસપ્રદ વિષય રહ્યો છે.

લીડર એટલે બીગ બોસ. લીડર એટલે કામયાબીનો ગુરુમંત્ર. બધાને બોસ બનવું છે. બીજા બધાથી બે ડગલાં આગળ છું એવું બતાવવું છે. આ બોસ બનવાના દેખાડામાં જ ટીમવર્ક ખોરવાઈ જાય છે. કૃષ્ણ બધા બોસનો બોસ છે. લીડર એ સૌને સાથે લઈને ચાલે. સૌના કૌશલ્યને બહાર લાવવાનું હુનર જેની પાસે હોય એ જ સાચો બોસ. અર્જુનની ક્ષમતાને સુપેરે સમજીને એનો યથોચ્ચિત ઉપયોગ કરતાં જેણે શીખવ્યું એ વાસુદેવ સાચો લીડર છે. સાથીઓની ક્ષમતાને ઉજાગર કરવાની સાથે સાથે સાથીઓની ખામીને પણ અલગ તારવીને એને દૂર કરવાનું-ચાળવાનું કામ લીડરનું છે.

સામાન્ય રીતે લીડર એના સાથીઓમાં કોન્ફિડન્સનો અખૂટ ખજાનો ભરી આપતાં હોય. કૃષ્ણએ પાંડવ સેનામાં વિશ્વાસનો મજબુત સરંજામ ભરીને કામિયાબીની કેડી કંડારી દીધી હતી. મેનેજમેન્ટના નિષ્ણાતોના મતે બોસ ભય ઊભો કરે. સામે પક્ષે કૌરવ સેના બહુ મોટી હતી. શસ્ત્ર સરંજામ પણ વિપુલ માત્રામાં હતા પણ એમાં દૂર્યોધનનો ભય હતો. દૂર્યોધન સેનાની ભૂલો શોધતો હતો. જ્યારે પંડવ પક્ષે લીડર કૃષ્ણ પ્રશ્નોના સમાધાન આપી પાંડવ સેનાને સવારતા હતા. લીડર આખી કાર્ય રચનાને રસપ્રદ અને આનંદમયી બનાવી દે છે. જ્યારે બોસ કોઈપણ કાર્યને માત્ર એક સફળતા અને નિષ્ફળતાનો દ્રષ્ટિકોણ જ આપતો હોય છે.

કોઈપણ ક્ષેત્રમાં બોસની સૌથી મોટી કોઈ ભૂલ થતી હોય તો એ સાથીઓને 'સરસ કામ કર્યુ' એવા સ્વીકારના શબ્દોનો અભાવની હોય છે. તમે જ આ કામ સરસ રીતે પાર પાડી શકો. આપણે સાથે મળીને આ દિશામાં પ્રયાસ કરીએ તો ચોક્કસ વિજેતા બનીએ એવી ભાવના અને ચેતનાનો સંચાર ન કરવાનું ગંભીર પરિણામ મહાભારતમાં દૂર્યોધને ભોગવ્યું. જ્યારે સામે પક્ષે ભગવાન શ્રીકૃષ્ણે આપણે સૌ સાથે મળીને સૌકોઈના સાથ અને સહકારથી અસત્ય પર સત્યનો અને અનિષ્ટ ઉપર ઈષ્ટનો વિજય કરવાના છીએ એવા પોઝીટીવ વેવ્ઝ અર્જુન, ભીમ, યુધિષ્ઠિરની આખી પાંડવ સેનાના પ્રત્યેક સેનાની હૃદયમાં ભરી દીધા. ભલે પાંડવ સેના નાની હતી પણ બીગ બોસ શ્રીકૃષ્ણની કુનેહપૂર્વકની લીડરશીપથી સંપૂર્ણ હતી. સામે પક્ષે ખૂબ વિશાળ એવી દૂર્યોધનની સેના ઘમંડ અને વિશ્વાસ વગરની હોવાથી અપૂર્ણ હતી.

બીજી બાજુ લીડરે એના સાથીઓને સાચી વાત કહીને જાણે અજાણે ઉભો થતો ઘમંડ દુર કરવાનુ પાયાનુ કામ કરવાનુ હોય છે.

કુરૂક્ષેત્રના સમરાંગણનો એક નાનકડો પ્રસંગ કૃષ્ણની લીડરશીપ ક્વોલીટીનું જાગતું ઉદાહરણ છે. કર્ણના બાણથી પાંચ સાત પગલાં અર્જુનનો રથ પાછો પડતો ત્યારે કૃષ્ણ કર્ણના પ્રહારને બિરદાવતાં. જ્યારે અર્જુનના પ્રહારથી સેંકડો ફૂટ કર્ણનો રથ પાછો પડતો પણ કૃષ્ણ અર્જુનના બાણના કોઈ વખાણ ન કરતા. આવું ઘણીવાર બન્યું. અર્જુનથી આ બાબતમાં પૂછ્યા વગર ન રહેવાયું અને શ્રીકૃષ્ણને પૂછ્યું અચ્યુત્ ' મારા પ્રહારથી સેંકડો ફૂટ કર્ણનો રથ પાછો પડે છે અને એના પ્રહારથી માત્ર બે-પાંચ ફૂટ મારો રથ પાછો જાય છે તોય તમે કર્ણના પ્રહારને બિરદાવો છો અને મારા આક્રમણને બિરદાવતાં નથી. ' ત્યારે લીડર કૃષ્ણએ અર્જુનને એની ક્ષમતાની સાથે સમજના અભાવને સરસ રીતે ઉજાગર કરતાં કહ્યું, પાર્થ, તારા રથમાં હું બેઠો છું. અને છતાંય આ રથ પાંચથી સાત પગલાં પાછળ હટાવવાની અદભુત ક્ષમતા કર્ણના પ્રહારમાં છે. જો આ રથ ઉપર હું સવાર ન હોત તો કદાચ આ રથ કર્ણના પ્રહારથી જોજનો દૂર જઈને પડ્યો હોત.

આનાથી પણ વિશેષ બીગબોસ કૃષ્ણએ અર્જુનને યુધ્ધના છેલ્લા દિવસે મેનેજમેંટનો અદભૂત પાઠ ભણાવતાં આંખો ખોલી આપી. મહાભારતના યુદ્ધના છેલ્લા દિવસે શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું ' પાર્થ, પહેલાં તું નીચે ઉતર. ' પાર્થે વિસ્મયભરી રીતે શ્રીકૃષ્ણ સામે જોયું કારણકે સામાન્ય રીતે પહેલાં સારથી રથમાંથી નીચે ઉતરે અને પછી બાણાવળી રથમાંથી નીચે ઉતરતા હોવાનો ઉપક્રમ હોય છે. પણ શ્રીકૃષ્ણના કહેવાથી અર્જુન પહેલાં નીચે ઉતર્યા પછી શ્રીકૃષ્ણ રથની નીચે ઉતર્યા. કૃષ્ણ સાત કદમ દૂર ગયા અને રથ બળીને ભસ્મ થઈ ગયો. ત્યારે અર્જુનને સાક્ષાત્કાર થયો કે, મારી શક્તિ કરતાં હજારઘણી શક્તિ શ્રીકૃષ્ણ સ્વરૂપે મારા રથમાં બિરાજમાન હતી જેને પરિણામે ગુરુદ્રોણ, કર્ણ, દૂર્યોધન, ભીષ્મ જેવા મહાબલીઓના પ્રહાર સામે પણ મારો રથ અડિખમ ઊભો રહ્યો.

લીડર એની ટીમ સાથે સતત, સઘન વાતચીતનો સેતુ જાળવી રાખતો હોય છે. જ્યારે બોસ માત્ર સૂચનાઓ અને સંદર્ભો ઉપર ટીમને હાંકે જતો હોય છે. યુદ્ધના સમરાંગણમાં શ્રીકૃષ્ણએ પાર્થ સાથે ગીતા સ્વરૂપે વાતચીત અને સંવાદનો સેતુ સાધીને માનસિક રીતે મહાભારતનું યુદ્ધ પાંડવ પક્ષે કરી લીધું હતું. લીડરની સાચી તાકાત જ આ છે. લીડર વિઝનને વાસ્તાવિકતામાં પલટી નાખે. અસત્યના અસુર સામે સત્યના સુરનો ઈનોવેશન લીડર કૃષ્ણએ પાર્થને સમજાવી આપ્યો. આમ પણ લીડરનું સ્ટાન્ડર્ડ-કક્ષા લીડરે નક્કી કરેલા લક્ષ ઉપરથી જ આવે. લીડર ટીકાઓનો થોડો વધુ ભાગ પોતાને હિસ્સે લઈ લેતો હોય અને સફળતાનો થોડો ઓછો હિસ્સો પોતાને ભાગે લેતો હોય છે. કૃષ્ણએ મહાભારત લીડ કરી. લીડર સમરાંગણને લીડ કરે છે એ ઉપરથી શબ્દો બન્યો લીડર. જ્યારે બોસ માત્ર ને માત્ર ડ્રાઈવ કરે છે. એટલે કે માત્ર સમુહને હંકારનારો વ્યકિત. છેક મહાભારત કાળથી આજપર્યંત અને કદાચ લાખો વર્ષ સુધી શ્રીકૃષ્ણ એક આદર્શ લીડર હતા, છે અને રહેશે.

**ધબકાર**

લીડર શ્રીકૃષ્ણ આશાઓનો સૌથી મોટો ડિલર અને ક્ષમતા ઉજાગર કરનારો સૌથી મોટો પથદર્શક છે.

